સમય સંદેશ

પ્રોપર્ટી લે-વેચ, પ્રોડક્ટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

**સમય સંદેશ કાર્યાલય**

પ૩૬-પાંચમો માળ, ઇન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦

સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

અષાઢ સુદ - ૧૪ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર

**આજનો સુવિચાર**

જીવન માં કોણ આવ્યું ને કોણ ગયું એના કરતાં, કોણ હજી પણ સાથે ઉભું છે એ વધારે મહત્વનું છે!

વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૩૯ ● તારીખઃ ૨૮.૦૭.૨૦૨૬, મંગળવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060

## પેપર લીક વિરોધી બિલ રજુઃ બંને ગૃહોમાં ધમાલ

### પેપર લીક કર્યુ તો ૧૦ વર્ષની જેલઃ ૧૦ કરોડનો દંડઃ તપાસ-સુનાવણી પણ ઝડપીઃ બીલમાં આકરી જોગવાઈઓઃ જીતેન્દ્રસિંહે રજુ કર્યુ બિલ



**સમય સંદેશઃ નવીદિલ્હી**

સંસદના ચોમાસું સત્ર દરમિયાન વિરોધ પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓ પર કથિત બળપ્રયોગ અને પેલેટ ગનના ઉપયોગના મુદ્દે ભારે હંગામો મચી ગયો છે. આજે ગળહની કાર્યવાહી શરૂ થતાં જ સંસદમાં પીએમઓ રાજ્યમંત્રી ડો.જિતેન્દ્ર સિંહે લોકસભામાં પબ્લિક એક્ઝામિનેશન (પ્રિવેન્શન ઓફ અનફેર મીન્સ) સુધારા વિધેયક, ૨૦૨૬ રજૂ કર્યું હતું. આ વિધેયકનો મુખ્ય હેતુ દેશની તમામ જાહેર અને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પેપર લીક તથા ગેરરીતિ આચરનારાઓ સામે આકરામાં આકરા કાનૂની પગલાં ભરીને પરીક્ષા પ્રણાલીમાં વિદ્યાર્થીઓનો વિશ્વાસ પુનઃસ્થાપિત કરવાનો છે.

બિલ રજૂ થતાં જ કોંગ્રેસ સહિતના વિપક્ષી પક્ષોએ દિલ્હીમાં NEET પેપર લીક સામે શાંતિપૂર્ણ આંદોલન કરી રહેલા યુવાનો પર થયેલી પોલીસ કાર્યવાહીનો મુદ્દો જોરશોરથી ઉઠાવ્યો હતો. ગળહમંત્રી અમિત શાહ પાસે આ મુદ્દે જવાબની માંગ સાથે વિપક્ષી સાંસદોએ અધ્યક્ષના પોડિયમ પાસે આવીને ભારે સૂત્રોચ્ચાર કર્યા હતા. લોકસભા

અનુ પાના નં.૨ પર

## લહુ મુંહ લગ ગયા ! એફઆઈઆર પાછી ખેંચો, નહીંતર ફરી દેશવ્યાપી આંદોલન માટે તૈયાર રહો-સીજેપી

### આશુતોષ રાંકાનો ગંભીર આરોપ :કેન્દ્રીય મંત્રીઓ જેપી નડ્ડા અને ડો. જિતેન્દ્ર સિંહને ટેગ કરીને સોશિયલ મીડિયા પર આકરી ચેતવણી આપી



**સમય સંદેશઃ નવીદિલ્હી**

કોક્રોચ જનતા પાર્ટીએ કેન્દ્ર સરકાર સામે ફરી એકવાર મોરચો માંડીને વિદ્યાર્થીઓ સામે કોઈપણ પ્રકારની પોલીસ કાર્યવાહી ન કરવા અંગે થયેલા કરારના સંપૂર્ણ ઉલ્લંઘનનો ગંભીર આરોપ લગાવ્યો છે. પક્ષના પ્રવક્તા આશુતોષ રાંકાએ ગઈકાલે સોશિયલ મીડિયાના માધ્યમથી ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા અને કેન્દ્રીય મંત્રી ડો. જિતેન્દ્ર સિંહને સીધા સંબોધીને કડક શબ્દોમાં ચેતવણી આપી હતી કે જો વિદ્યાર્થીઓ પરના કેસ પાછા નહીં ખેંચવામાં આવે તો દેશવ્યાપી આંદોલન કરવામાં આવશે. બિહાર અને પશ્ચિમ બંગાળમાં સેંકડો વિદ્યાર્થીઓની ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે દિલ્હી સહિત અન્ય રાજ્યોમાં પણ પ્રદર્શનકારીઓ અને સહયોગી વોલન્ટિયર્સ પર નજર રાખીને તેમની અટકાયત કરવામાં આવી રહી છે, જે સરકાર સાથે થયેલા કરારની સીધી વિરુદ્ધ છે. આ સંદર્ભમાં CJP દ્વારા પ્રદર્શનકારી વિદ્યાર્થીઓ સામે નોંધાયેલી તમામ FIR તાત્કાલિક રદ કરવા, અટકાયતમાં લેવાયેલા વિદ્યાર્થીઓને તુરંત છોડી મૂકવા અને કાનૂની કેસો અંગે થયેલા લિખિત

અનુ પાના નં.૨ પર

## આધાર નંબર સુધીનો ડેટા લીકઃ હેકરનો દાવો

## બેંક ઓફ બરોડાના ગ્રાહકોનો ડેટા લીક

### ડાર્ક વેબ પર લીક થયો ૧ટીબી કસ્ટમર ડેટાઃ એક યુઝર્સના સનસનીખેજ દાવાથી ખળભળાટ

**સમય સંદેશઃ મુંબઈ**

દેશની સૌથી મોટી જાહેર ક્ષેત્રની બેંકોમાંની એક બેંક ઓફ બરોડાના સર્વરમાંથી મોટા ડેટા લીક થયાના અહેવાલો છે. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે બેંકનો આશરે 1TB ડેટા ઇન્ટરનેટ અને ડાર્ક વેબ પર લીક થઈ ગયો છે.બેંક ઓફ બરોડામાં એક મોટો ડેટા લીક થવાની શંકા છે, જેને દેશની કોઈપણ બેંક સાથે સંકળાયેલો સૌથી મોટો સાયબર હુમલો કહેવામાં આવી રહ્યો છે. એક હેકરે બેંકના સર્વરમાંથી આશરે ૧ ઝઇ ડેટા લીક કરવાનો અને તેને ઓનલાઈન અપલોડ કરવાનો દાવો કર્યો છે.

ઈન્ડિયા ટુડેના અહેવાલ મુજબ, હેકરે ડેટા લીક સંબંધિત કેટલાક દસ્તાવેજો પણ ઓનલાઈન શેર કર્યા છે. લીક થયેલા ડેટાસેટમાં ગ્રાહકોના નામ, મોબાઈલ નંબર, ઓળખ કાર્ડ, બચત અને ચાલુ ખાતાના રેકોર્ડ અને લોન સંબંધિત દસ્તાવેજોનો સમાવેશ થાય છે. જોકે, બેંક ઓફ બરોડાએ હજુ સુધી આ ભંગની સત્તાવાર પુષ્ટિ કરી નથી.

આ દાવો એક ધમકી આપનાર વ્યક્તિ દ્વારા કરવામાં આવ્યો છે, જેણે બેંકની સિસ્ટમમાં ઘૂસણખોરી કરીને મોટી માત્રામાં ડેટા મેળવ્યો હોવાનો દાવો કર્યો છે. બેંકે હજુ સુધી આ દાવાની સત્તાવાર પુષ્ટિ કરી નથી, અને તે સ્પષ્ટ નથી કે બધો ડેટા સાચો છે કે નહીં.

અહેવાલો અનુસાર, લીક થયેલા ડેટામાં ગ્રાહકોના નામ, મોબાઇલ નંબર, ઇમેઇલ આઈડી, આધાર નંબર, બેંક ખાતાની માહિતી, નેટ બેંકિગ રેકોર્ડ, લોન દસ્તાવેજો, કોર્પોરેટ બેંકિગ ડેટા અને કેટલીક આંતરિક ફાઇલો શામેલ છે.

એવો પણ દાવો કરવામાં આવી રહ્યો છે કે કથિત હેકરે ડેટા અને ડાઉનલોડ લિક્સના કેટલાક નમૂના શેર કર્યા છે. આ સમાચાર પછી, ઘણા ગ્રાહકો સોશિયલ મીડિયા પર ચિંતા વ્યક્ત કરી રહ્યા છે. શ્રીકાંત, X નામના એક વપરાશકર્તા, જે હેકર હોવાનો દાવો કરે છે, તેણે એક પોસ્ટમાં કથિત ડેટા લીકનો સ્ક્રીનશોટ શેર કર્યો. આ પોસ્ટમાં, તેમણે RBI સહિત અનેક અધિકારીઓને ટેગ કર્યા. તેમણે દાવો કર્યો હતો કે તેમને બેંક ઓફ બરોડા તરફથી ડેટા ભંગ મળ્યો છે. જો દાવો સાચો સાબિત થાય છે, તો સાયબર ગુનેગારો તેનો ઉપયોગ ફિશિંગ, નકલી કોલ્સ, KYC અપડેટ્સની આડમાં છેતરપિંડી પ્રવૃત્તિઓ અને ઓળખ ચોરી માટે કરી શકે છે. સૌથી મોટો પ્રશ્ન એ છે કે શું ગાહકોના પૈસા

અનુ પાના નં.૨ પર

## કેન્દ્ર સરકાર સામે વધુ એક ચક્રવ્યૂહ તૈયાર થઈ ગયો !

### દિલ્હીમાં E20 પેટ્રોલ સામે મોરચોઃ ટેક્સી અને ટ્રાન્સપોર્ટ એસોસિએશનો ૪ ઓગસ્ટે સંસદ ઘેરશે

**સમય સંદેશઃ નવીદિલ્હી**

કેન્દ્રની ભાજપ સરકાર સામે દિલ્હીમાં ટ્રાન્સપોર્ટ ક્ષેત્રે વધુ એક મોટું ચક્રવ્યૂહ રચાઈ રહ્યું હોય તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે. દેશની રાજધાની દિલ્હીના વિવિધ ટ્રાન્સપોર્ટ સંગઠનોએ કેન્દ્ર સરકારની 'ઇથેનોલ મિશ્રિત પેટ્રોલ'ના ફરજિયાત ઉપયોગની નીતિ સામે સીધો મોરચો માંડી દીધો છે. 'દિલ્હી ટેક્સી એન્ડ ટૂરિસ્ટ ટ્રાન્સપોર્ટર્સ એન્ડ ટૂર ઓપરેટર્સ એસોસિએશન' સહિતના સંગઠનોએ E20 ફ્યુઅલ પાછું ખેંચવાની માંગ સાથે આગામી ૪ ઓગસ્ટના રોજ સંસદ ભવન તરફ માર્ચ યોજવાની જાહેરાત કરી દીધી છે, જેનાથી કાયદો અને વ્યવસ્થા તેમજ સરકાર માટે કાનૂની અને રાજકીય પડકારો ઉભા થવાની શક્યતા છે. એસોસિએશનના પ્રમુખ સંજય સમ્રાટે જણાવ્યું હતું કે, દેશભરમાંથી વાહનોમાં ઇથેનોલ બ્લેન્ડેડ ઇંધણના કારણે એન્જિન ઝડપથી ખરાબ થવા અને માઇલેજમાં મોટો ઘટાડો થવાની સતત ફરિયાદો આવી રહી છે. આ મુદ્દે ઊંઘી રહેલા સાંસદો અને

અનુ પાના નં.૨ પર

## શાંતિપૂર્વક દેખાવો મૌલિક અધિકારઃ આંદોલનમાં લાઠીચાર્જ અયોગ્ય

### કાયદેસર અને શાંતિપૂર્ણ આંદોલન નાગરિકોનો મૌલિક અધિકારઃ પેપર લીક વિરોધ પર સુપ્રીમની પોલીસને આકરી ફટકાર

**સમય સંદેશઃ નવીદિલ્હી**

દેશની રાજધાની દિલ્હીના જંતર-મંતર પર પરીક્ષા પ્રણાલીમાં સુધારા અને પેપર લીકની ઘટનાઓ સામે ૩૬ દિવસ સુધી ચાલેલા અભૂતપૂર્વ વિદ્યાર્થી આંદોલન અને ત્યારબાદ પોલીસ દ્વારા કરવામાં આવેલા બળપ્રયોગના મામલામાં સુપ્રીમ કોર્ટે સખત વલણ અપનાવ્યું છે. ચીફ જસ્ટિસ સૂર્યકાન્ત, ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને ન્યાયાધીશ વી. મોહનાની બેન્ચે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે શાંતિપૂર્ણ અને કાયદેસર રીતે પોતાની વાત રજૂ કરવી એ બંધારણ હેઠળ સુરક્ષિત અધિકાર છે. માત્ર કોઈ જગ્યાએ પ્રદર્શન થઈ રહ્યું છે તેટલા જ કારણસર પોલીસ વિરોધકર્તાઓ પર લાઠીચાર્જ કે અતિરેક કરીને પોતા કાર્યવાહીને વાજબી ઠેરવી શકે નહીં.

સુપ્રીમ કોર્ટે આ મુદ્દાને માત્ર દિલ્હી કે કોઈ ચોક્કસ વિસ્તાર પૂરતો મર્યાદિત ન ગણાવતા સમગ્ર દેશ માટે અત્યંત સંવેદનશીલ ગણાવ્યો છે. CJI સૂર્યકાન્તે ભારપૂર્વક નિર્દેશ આપ્યો હતો કે વિરોધ પ્રદર્શનોને સંભાળવા માટે સમગ્ર દેશમાં એકસમાન રાષ્ટ્રીય પ્રોટોકોલ હોવો અનિવાર્ય છે. પ્રદર્શનકારીઓને પોતાની માંગણીઓ રજૂ કરવા માટે યોગ્ય જગ્યા પૂરી પાડવી જોઈએ

અનુ પાના નં.૨ પર

## ગુજરાતની નવી શિપબિલ્ડિંગ પોલિસી લોન્ચઃ રાજ્ય વૈશ્વિક મેરિટાઇમ અને શિપિંગ હબ બનવા તરફ અગ્રેસર

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જાહેર કરી નીતિ; પોરબંદરના કુછડી ખાતે મેગા ગ્રીનફિલ્ડ ક્લસ્ટર સહિત ૨૩,૭૦૦ કરોડના ખાનગી રોકાણની શક્યતા

**સમય સંદેશઃ ગાંધીનગર**

દેશમાં સૌથી લાંબો ૨૩૪૦ કિલોમીટરનો દરિયાકિનારો ધરાવતા ગુજરાતને શિપ બિલ્ડિંગ અને રિપેરિંગ ક્ષેત્રે વૈશ્વિક સ્તરે પ્રસ્થાપિત કરવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નવી શિપબિલ્ડિંગ પોલિસી લોન્ચ કરી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'આત્મનિર્ભર ભારત'ના વિઝન અને કેન્દ્ર સરકારની 'SBFAS-2025' તેમજ 'મેરીટાઇમ વિઝન



૨૦૪૭' સાથે સુસંગત આ નીતિ હેઠળ રાજ્યમાં ઈન્ટિગ્રેટેડ મેગા શિપબિલ્ડિંગ પાર્ક્સ (IMSP), ગ્રીન શિપયાર્ડ્સ, સ્માર્ટ ટેકનોલોજી, કૌશલ્ય વિકાસ અને RD ને પ્રોત્સાહન આપવામાં આવશે. આ નીતિના ભાગરૂપે પોરબંદરના કુછડી ખાતે મેગા ગ્રીનફિલ્ડ શિપબિલ્ડિંગ ક્લસ્ટર મંજૂર કરાયું છે, જેનાથી ૨૩,૭૦૦ કરોડથી વધુનું ખાનગી રોકાણ આકર્ષાય તેવી સંભાવના છે.

આ વિશાળ ઔદ્યોગિક ઇકોસિસ્ટમને વેગ આપવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ૩,૩૦૦ કરોડના ખર્ચે બ્રેકવોટર્સ, હેવી લિફ્ટ શિપ, ડ્રેજિંગ, નેવિગેશન ચેનલો, રસ્તા, વીજળી અને પાણી જેવી મરીન તથા જમીન આધારિત

અનુ પાના નં.૨ પર

## રાજકોટમાં નિવૃત્ત PWD કર્મચારીના પરિવારે કર્યો સામૂહિક આપઘાતનો પ્રયાસ

### મહિલાનું મોતઃ વ્યાજના ચક્રવ્યૂહ ફસાઈ ગયાં હોવાની આશંકા

**સમય સંદેશઃ રાજકોટ**

રાજકોટમાં ખખર પરિવાર દ્વારા સામુહિક આપઘાતનો પ્રયાસ કરાતા ચકચાર મચી છે. શહેરમાં સાધુવાસવાણી રોડ પર પરિવારના ત્રણ લોકોએ સામૂહિક આપઘાતનો પ્રયાસ કર્યો છે. જોકે સમગ્ર મામલે પોલીસ દ્વારા તપાસ હાથ ધરી છે. દિલીપભાઈ ખખર પીડબલ્યુડીના નિવૃત સરકારી કર્મચારી હોવાનું જાણવા મળ્યુ છે. સામૂહિક આપઘાતના પ્રયાસમાં સ્મિતાબેન ખખરનું મોત થયું છે.

નોધનીય છે કે, રાજકોટ શહેરમાં સામુહિક આપઘાતના વધતા જતા બનાવોને લઇ લોકોમાં ફફડાટ પ્રસરી રહ્યો છે. આ પહેલા પણ રાજકોટ શહેરમાં વર્ષ ૨૦૨૬ની શરૂઆતમાં જાન્યુઆરી મહિનામાં આવો જ એક બનાવ બન્યો હતો. રાજકોટમાં ૨૦૨૬માં પતિ-પત્ની અને પુત્રએ સામૂહિક આપઘાતનો પ્રયાસ કર્યો છે અને આર્થિક સંકડામણના કારણે આપઘાતનો

અનુ પાના નં.૨ પર

## બેટ દ્વારકાના મંદિરની ૨૦૦ કરોડની ઝવેરાતમાં રામમંદિરવાળી થઈ?



### ૪૦ વર્ષ પહેલાં ટ્રકમાં ખજાનો અમદાવાદ મોકલ્યો; પૂર્વ મહેતાજી પાસે હિસાબ નથી; ટ્રસ્ટીઓના ગોળગોળ જવાબઃ બેટ દ્વારકાના રાણીવાસ મંદિરનો ૨૦૦ કરોડનો ખજાનો ગાયબ થયાના આરોપથી ચકચાર

**સમય સંદેશઃ દ્વારકા**

અયોધ્યા રામ મંદિરમાં દાનચોરીના વિવાદ બાદ હવે બેટ દ્વારકાના ઐતિહાસિક રાણીવાસ મંદિરના અંદાજે રૂ. ૨૦૦ કરોડના સોના-ચાંદી અને અતિ કિંમતી ઝવેરાતનો કોઈ હિસાબ ન મળતો હોવાના આરોપોથી ધાર્મિક જગતમાં ભારે ખળભળાટ મચી ગયો છે. ૫૦૦ વર્ષથી વધુ જૂના અને ભગવાન શ્રીકૃષ્ણના નિવાસસ્થાન ગણાતા આ મંદિરોનું સંચાલન 'બેટ દેવસ્થાન સમિતિ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ' દ્વારા કરવામાં આવે છે. સ્થાનિક પંડા સભાના પ્રમુખ ભગવતપ્રસાદ પાઢ અને મહાપ્રભુજીની બેઠકના મુખિયાજી અતુલ ભટ્ટે ગંભીર આક્ષેપ કર્યો છે કે, વર્ષ ૧૯૮૪માં ટ્રસ્ટીઓ દ્વારા આ કિંમતી ખજાનો બેટ દ્વારકાથી અમદાવાદ લઈ જવાયો હતો, પરંતુ દાયકાઓ વીતવા છતાં તેની કોઈ ચોક્કસ ભૌતિક ખરાઈ કે ચેરિટી કમિશનરના પીટીઆર (PTR) ચોપડે નોંધણી જોવા મળતી નથી.



મંદિરના પૂર્વ મેહતાજી દિનેશભાઈ અગ્રાવતના જણાવ્યા અનુસાર, ૧૯૮૦ના દાયકામાં ઉપયોગમાં ન લેવાતા દાગીના વેચીને ફંડ એકત્ર કરવાના નિર્ણય હેઠળ પોણો ટ્રક ભરાય તેટલો સોના-ઝવેરાતનો સામાન અમદાવાદ લાવવામાં આવ્યો હતો. આ સામાન લાલ દરવાજા સ્થિત સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની શાખામાં રાખવામાં આવ્યો હતો. જે તે સમયે તમામ ઘરેણાંમાં રહેલા મોતી અને પાંખડીઓની ઝીણવટભરી વિગતો રજિસ્ટરમાં નોંધવામાં આવી હતી, પરંતુ વર્તમાન સમયે આ કિંમતી ઘરેણાં કઈ સ્થિતિમાં છે તે અંગે ભારે અસ્પષ્ટતા સેવાય છે. આ ઉપરાંત, ટ્રસ્ટમાં કુલ ૧૪માંથી ૬ ટ્રસ્ટીઓના મૃત્યુ થઈ ચૂક્યા છે અને હાલ પૂર્વ મંત્રી સૌરભ પટેલના પ્રમુખપદ હેઠળ ૮ સભ્યો વહીવટ સંભાળી રહ્યા છે, છતાં મિલકતોની પારદર્શિતા સામે ગંભીર સવાલો ઊભા થઈ રહ્યા છે. ખજાનાના વિવાદ સિવાય મંદિર ટ્રસ્ટના અન્ય સભ્યો સામે પણ ચોંકાવનારા

અનુ પાના નં.૨ પર


## તંત્રી સ્થાનેથી..

### હવે 'રીલ્સ..' લોકતંત્રનો પાંચમો સ્તંભ !

આજના યુગમાં યુવાનોનો જનમત હવે સ્માર્ટફોનની ઊભી સ્ક્રીન પર, થોડા સેકન્ડના ટૂંકા વિડિઓમાં અને સોશિયલ મીડિયાના અલ્ગોરિધમથી મળતા અણધાર્યા વેગમાં ઘડાઈ રહ્યો છે, જે જૂની રીતભાતો કરતા તદ્દન અલગ અને ઝડપી છે. ભૂતકાળમાં કોઈ સ્થાનિક વિરોધને રાષ્ટ્રીય આંદોલન બનવા માટે અનેક તબક્કામાંથી પસાર થવું પડતું હતું. અખબારો અને ટીવી ચેનલો મુદ્દાને મહત્વ આપે, રાજકીય નેતાઓ તેની નોંધ લે અને ચર્ચાઓ યોજાય તે પછી આંદોલનને ઓળખ મળતી હતી, પરંતુ જેન-ઝીના આ વિરોધે આ આખી પ્રક્રિયા ઉલટાવી નાખી છે. હવે પ્રક્રિયા બદલાઈ ગઈ છે- ઘટના પહેલાં જમીન પર બને છે, તરત મોબાઈલમાં રેકોર્ડ થાય છે, રીલ્સ દ્વારા લાખો લોકો સુધી પહોંચે છે અને ત્યાર પછી પરંપરાગત મીડિયા તેની પાછળ દોડવા મજબૂર થાય છે. અર્થાત મીડિયા આંદોલનને રાષ્ટ્રીય બનાવતું નથી, પણ આંદોલન પોતે રાષ્ટ્રીય બનીને મીડિયાને નોંધ લેવા મજબૂર કરે છે. આજે યુવાનોનું માધ્યમ રીલ્સ છે, તેમની જાહેર સભા ઈન્સ્ટાગ્રામ છે અને તેમનો મોટો પ્રચારક અલ્ગોરિધમ છે. રીલ્સની રાજકીય શક્તિ એ છે કે તે પહેલેથી રચાયેલા જૂથોમાં સંદેશ વહેંચવાને બદલે અજાણ્યા લોકો વચ્ચે સમાન લાગણી અને સહાનુભૂતિનો નવો સમુદાય સર્જી શકે છે. એક સામાન્ય વિદ્યાર્થીની નિરાશા કે આક્રોશ થોડા જ કલાકોમાં હજારો વિદ્યાર્થીઓના સામૂહિક અનુભવનું પ્રતીક બની જાય છે. પરિણામે, કોઈ એક સ્થાપિત પક્ષ, નેતા કે સંગઠનના નેતૃત્વ વગર પણ યુવાનોના અસંતોષને એક શક્તિશાળી રાષ્ટ્રીય ભાષા મળી જાય છે. વડા પ્રધાન દ્વારા ટેલિવિઝન સંબોધનને બદલે કેમેરાના સેલ્ફી મોડમાં વિડિઓ સંદેશ રજૂ કરવો તે માત્ર રજૂઆતની પદ્ધતિનો બદલાવ નહોતો, પરંતુ સત્તાતંત્રને થયેલી નવી સમજનો સંકેત હતો. યુવાનો સુધી પહોંચવું હોય તો તેમની સ્ક્રીન, તેમની ગતિ અને તેમની દૃશ્યભાષામાં હાજર રહેવું અનિવાર્ય છે. સરકારને સમજાઈ ગયું છે કે યુવાનોનો ગુસ્સો હવે સમાચાર ચેનલોની ચર્ચાઓમાં નહીં પણ રીલ્સના પ્રવાહમાં ધબકે છે. પરંતુ અહીં એક ભેદ સમજવો જરૂરી છે-યુવાનો જ્યાં હોય ત્યાં પહોંચવું અને તેમની સાથે વિશ્વસનીય સંવાદ સ્થાપવો બંને અલગ બાબતો છે. નેતા રીલ બનાવી શકે, પણ તેનાથી સંદેશ આપમેળે પ્રામાણિક બનતો નથી. જૂની પેઢી ટીવી પર ચર્ચાઓ જોતી રહી અને નિષ્ણાતો લાંબા વિશ્લેષણ કરતા રહ્યા, જ્યારે બીજી તરફ યુવાનો પોતાના અનુભવ, અપમાન, શંકા અને અસુરક્ષાને ટૂંકા વિડિઓમાં દર્શાવતા રહ્યા. પરંપરાગત મીડિયા ઘટનાનું વિશ્લેષણ કરતું રહ્યું,



# હાલારના હાલહવાલ



# દ્વારકાના બરડીયા નેશનલ હાઈવે પર તંત્રનુ બુલડોઝર

## ગેરકાયદેસર દબાણો, બાધકામો અને અનધિકૃત મીડિયન ગેપ દુર કરાયા







**સમય સંદેશઃ દ્વારકા**
**(હોથીભા સુમણિયા દ્વારા)**

જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ ના સંયુક્ત ઉપક્રમે આજે દ્વારકા થી બરડીયા નેશનલ હાઈવે પર ગેરકાયદેસર દબાણો હટાવવા માટે એક વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી આ કામગીરી દરમિયાન હાઇવે પર ખડકી દેવાયેલા તમામ અનઅધિકૃત બાંધકામો ગેરકાયદેસર રીતે બનાવેલા પ્રવેશ માર્ગો તેમજ અકસ્માતને નોતરતા મીડિયન ગેપ..કટ.. ને ઉચ્ચ અધિકારીઓની પ્રત્યક્ષ ઉપસ્થિતીમા .જે સી બી મશીનરીની મદદથી દુર કરવામાં આવ્યા હતા હાઇવે પર વાહન વ્યવહાર સુગમ રહે અને અકસ્માતોનુ પ્રમાણ ઘટે તેવા સ્પષ્ટ ઉદ્દેશ્ય સાથે હાથ ધરાયેલી આ કડક કાર્યવાહી થી દબાણ કર્તાઓમા ભારે ફફડાટ વ્યાપી ગયો છે કામગીરી દરમિયાન કાયદો અને વ્યવસ્થા ની સ્થિતિ જળવાઈ રહે તે માટે સ્થળ પર ચુસ્ત પોલીસ તહેનાત કરવામાં આવી હતી.

## ચંદ્રાવાડાના યુવાનનું બીમારી સબબ મૃત્યુ

### ખંભાળીયાના મહિલાનું સામાન્ય બીમારી બાદ મૃત્યુ

**સમય સંદેશઃ કલ્યાણપુર**

કલ્યાણપુર તાલુકાના ચંદ્રાવાડા ગામના વાડી વિસ્તારમાં રહેતા આવડાભાઈ માલદેભાઈ કારાવદરા નામના ૪૭ વર્ષના યુવાન છેલ્લા કેટલાક સમયથી બીમાર રહેતા હોય અને તેમને પોરબંદરની હોસ્પિટલમાં સારવાર માટે લઈ જતા સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગેની જાણ મૃતકના મોટાભાઈ મશરીભાઈ કારાવદરાએ કલ્યાણપુર પોલીસને કરી છે.

ખંભાળિયાના હર્ષદપુર વિસ્તારમાં આવેલા સંજયનગર ખાતે રહેતા રેખાબેન સુનિલભાઈ હરિયાણી નામના ૨૬ વર્ષના મહિલાને તાજેતરમાં તાવ આવ્યા બાદ ઝાડા-ઉલટી થવાના કારણે તેમને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગેની જાણ મૃતકના પતિ સુનિલભાઈ જીવાભાઈ હરિયાણી (ઉ.વ. ૩૦) એ અહીંની પોલીસને કરી છે. મૃતક મહિલાનો લગ્નગાળો નવ વર્ષનો હતો.

# ધ્રોલના શિક્ષણ જગતના અગ્રણી, પટેલ સ્કૂલના ટ્રસ્ટી એનસીસીના શિક્ષક કિરીટભાઈ વિરમગામાને હાર્ટએટેક આવતા દુઃખદ નિધન

**સમય સંદેશઃ ધ્રોલ**



ધ્રોલના શિક્ષણ જગતના અગ્રણી અને શ્રી બી એમ પટેલ સ્કૂલના ટ્રસ્ટી તથા એનસીસીના શિક્ષકનું અચાનક હાર્ટ એટેક આવતા મૃત્યુ નીપજ્યાનું બનાવ સામે આવ્યો છે જેના પગલે સમગ્ર શૈક્ષણિક આલમ વિદ્યાર્થીઓ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને શહેરમાં ઘેરા શોખ ની લાગણી પસરી ગયેલ છે.

જાણવા મળતી વિગત મુજબ રવિવારે સવારે આશરે ૯:૩૦ વાગ્યાના કિરીટભાઈ વિરમગામા ઉંમર વર્ષ ૪૮ પોતાના જામનગર હાઇવે પર આવેલી જીએમ પટેલ સ્કૂલ ની સામે કૃષ્ણનગર સોસાયટી સ્થિત પોતાના ઘરે હતા ત્યારે તેમને અચાનક છાતીમાં તીવ્ર દુખાવો ઉપડ્યો હતો દુખાવો ગંભીર બનતા પરિવારજનોએ તેમને તાત્કાલિક ધ્રોલની સરકારી હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડ્યા હતા જોકે, હોસ્પિટલ પહોંચતા ફરજ પરના તબિબોએ તપાસ બાદ તેમને મૃત જાહેર કર્યા હતા.

તેઓ શિક્ષણ ક્ષેત્રે નિષ્ઠાવાન શિક્ષક કુશળ સંચાલક અને વિદ્યાર્થીઓના પ્રિય માર્ગદર્શક તરીકે ઓળખાતા હતા શિક્ષક તરીકે તેમણે અનેક વિદ્યાર્થીઓમાં શિસ્ત દેશ પ્રેમ અને નેતૃત્વના ગુણો વિકસાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

## જેઠ-જેઠાણી સાથે થયેલી બોલાચાલી બાદ ખંભાળિયાની મહિલાએ ફિનાઈલ ગટગટાવ્યું

ખંભાળિયા તાલુકાના સુમરા તરઘડી ગામે રહેતા સેનાજબેન કાસમભાઈ જુસબભાઈ ખીરા નામના ૩૮ વર્ષના મહિલાએ પોતે પોતાના હાથે ફિનાઈલ પી લેતા તેમની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. સેનાજબેન પોતાના ઘરે નળમાંથી પાણી ભરી રહ્યા હતા તે દરમિયાન તેમના જેઠ અને જેઠાણીએ ''ફળિયામાં પડેલો કેબલ વાયર કેમ સરખો રાખ્યો નથી?'' તેમ કહ્યા બાદ થયેલી બોલાચાલીના કારણે તેમને મનમાં લાગી આવતા ઉપરોક્ત પગલું ભર્યું હોવાનું પોલીસમાં જાહેર થયું છે.

# ખંભાળીયાના પોલીસ કર્મીઓનેકન્વીકશન રેટ સુધારા અંગે ચાર્જશીટ અને કોર્ટ પ્રોસેસની તાલીમ અપાઈ



**સમય સંદેશઃ ખંભાળિયા**

દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા જયરાજસિંહ વાળાની સૂચના મુજબ ખંભાળિયાના ઇન્ચાર્જ ડીવાયએસપી મીત રૂદલાલ દ્વારા અહીંની પોલીસ અધિક્ષક કચેરી ખાતે ખંભાળિયા વિભાગ અંતર્ગત આવતા તમામ પોલીસ મથકના અધિકારી સાથે તપાસ કરનાર તમામ અધિકારી અને કર્મચારી તથા રાઇટર, ક્રાઇમ રાઇટર હેડ અને તપાસ કામગીરી સાથે સંકળાયેલા તમામ પોલીસ અધિકારી અને કર્મચારીઓને દેવભૂમિ દ્વારકા જિલ્લાના સરકારી વકીલ લાખાભાઈ ચાવડા, એ.ડી.જી.પી. અમિતભાઈ વ્યાસ અને તથા જામનગર જિલ્લાના સરકારી વકીલ ડી.આર. ત્રીવેદી દ્વારા કોર્ટ ખાતે જરૂરી તાલીમ આપવામાં આવી હતી.

જેમાં મુદ્દામાલ જમા કરાવવા, ચાર્જશીટ કરવામાં, જામીન અરજીના મુદ્દે સોગંદનામું કરવા, સાઇન્ટીફીક પુરાવાઓ, ઇલેક્ટ્રોનિક પુરાવાઓ એકત્રીત કરવા અંગે તેમજ કન્વીક્શન રેટ વધારવા, એફ.આઈ.આર. ડ્રાફ્ટ કરવા અંગે તેમજ ગંભીર પ્રકારના ખુન, ખુનની કોશીષ, મિલકત સંબંધી, પોક્સો, એન.ડી.પી.એસ., એટ્રોસિટી, લેન્ડ ગ્રેબિંગ તેમજ અન્ય ગુન્હાની તપાસ સબંધી તેમજ અન્ય કામગીરી સંદર્ભે કરવાની થતી કાર્યવાહીમાં રહેતી ક્ષતિઓ નિવારવા અંગે જરૂરી સુચનાઓ તેમજ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ સાથે કાયદેસરની કરવાની થતી તપાસ બાબતે જરૂરી માર્ગદર્શન આપી, પોલીસ કર્મીઓને વિવિધ બાબતે માહિતગાર કરવામાં આવ્યા હતા.

# ધંધા બાબતનો ખાર રાખી, બેટ દ્વારકામાં યુવાનને જાનથી મારી નાખવાની ધમકી

**સમય સંદેશઃ ઓખા**

ઓખામાં ગૌશાળા વિસ્તારમાં રહેતા અને મૂળ ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના રહીશ એવા જયકુમાર ઈશ્વરલાલ ચૌધરી નામના ૩૪ વર્ષના વેપારી યુવાન સાથે ચશ્માના સ્ટેન્ડની બાબતનો ધંધા ખાર રાખીને રવિ કેર, રાજુ કેર, સોનુ ગોલા, બોદો અને ચમન નામના પાંચ શખ્સોએ ફરિયાદી જયકુમારને ધંધો નહીં કરવા દેવાના ઈરાદે તેમને બિભત્સ ગાળો કાઢી, જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ બેટ દ્વારકા પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે.

## રાવલ ગામે જુગાર રમતા ચાર શખ્સો ઝડપાયા

**સમય સંદેશઃ કલ્યાણપુર**

કલ્યાણપુર તાલુકાના રાવલ ગામે આવેલા એક મંદિર પાસે બેસીને જાહેરમાં ગંજીપાના વડે રોન પોલીસ નામનો જુગાર રમી રહેલા મુન્ના ઉર્ફે મારખી નારણ કંડોરીયા, લખમણ પુંજા જાદવ, પ્રદીપ દેવુભાઈ કંડોરીયા અને ગોવિંદ રામશી ભરડવા નામના ચાર શખ્સોને ઝડપી લઇ, રૂ. ૧૬,૫૯૦ ની રોકડ રકમ અને ચાર મોબાઇલ ફોન સહિત કુલ રૂ. ૨૭,૫૯૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે.


**નામ બદલાવેલ છે**

હું, મહમ્મદઅખ્તર હુસેન ઘાણીવાલા, આથી જાહેર કરું છું કે મેં મારું નામ મહમદઅખ્તર હુસેનભાઈ ઘાણીવાલામાંથી બદલીને મહમ્મદઅખ્તર હુસેન ઘાણીવાલા રાખ્યું છે. આથી આજથી અને હવેથી હું તમામ હેતુઓ માટે મહમ્મદઅખ્તર હુસેન ઘાણીવાલા નામથી જ ઓળખાઈશ અને ઓળખાવાઈશ.

**નામ બદલાવેલ છે**

હું, મહમદહુસેન મહમદયુસુફ ઘાણીવાલા, આથી જાહેર કરું છું કે મેં મારું નામ મહમદહુસેન મોહમદયુસુફ ઘાણીવાલામાંથી બદલીને મહમદહુસેન મહમદયુસુફ ઘાણીવાલા રાખ્યું છે. આથી આજથી અને હવેથી હું તમામ હેતુઓ માટે મહમદહુસેન મહમદયુસુફ ઘાણીવાલા નામથી જ ઓળખાઈશ અને ઓળખાવાઈશ.

**નામ બદલાવેલ છે**

હું, મહમદમુખ્તાર મહમદહુસેન ઘાણીવાલા, આથી જાહેર કરું છું કે મેં મારું નામ મહમદમુખ્તાર હુશેન ઘાણીવાલામાંથી બદલીને મહમદમુખ્તાર મહમદહુસેન ઘાણીવાલા રાખ્યું છે. આથી આજથી અને હવેથી હું તમામ હેતુઓ માટે મહમદમુખ્તાર મહમદહુસેન ઘાણીવાલા નામથી જ ઓળખાઈશ અને ઓળખાવાઈશ.

**સરકારમાન્ય બૉન્ડ રાઈટર**

સરકારી સોગંદનામા, ભાડા કરાર,
વેંચાણ કરાર, દસ્તાવેજી રજિસ્ટ્રેશન,
કુલમુખત્યારનામા ગુજરાતી તથા અંગ્રેજીમાં.
નોટરીને લગતાં કામ માટે મળો
અભિજીત જયંતકુમાર દવે
મો.૮૪૬૦૪૫૯૫૨૦, ૮૮૬૬૮૮૧૯૯૯


## અનુસંધાન

### જિલ્લા પંચાયત

(પાના નં. ૪ થી આગળ)

મેલી નિતિવાળા એકાઉન્ટન્ટના ટેબલની ચકાસણી કરીને તમામ બીલો જપ્ત કરીને જે તે ભ્રષ્ટ કર્મચારી, અધિકારી સામે તપાસ કરીને કડક પગલા લે તેવી માંગણી ઉઠી છે. એકાઉન્ટન્ટના વલણ સામેના આક્ષેપો અંગે મુખ્ય હિસાબી અધિકારી જણાવે છે કે, સોફ્ટવેરના ધાંધીયાને કારણે સમસ્યા સર્જાઈ છે. જો કે, ડીડીઓ આ મામલે ખુદ તપાસ કરે તો સત્ય બહાર આવશે.

### ભક્તો દ્વારા રેલી

(પાના નં. ૪ થી આગળ)

વધુ અસરકારક રીતે સુનિશ્ચિત કરવા માટે જરૂરી કાયદાકીય અને વહીવટી પગલાં ભરવાની માંગણી કરવામાં આવી હતી. ગૌવંશના સંરક્ષણ, ગૌશાળાઓને વધુ સહાય, ગેરકાયદે પ્રવૃત્તિઓ પર કડક નિયંત્રણ અને ગૌઆધારિત સંવર્ધનને પ્રોત્સાહન આપવા સરકારને અનુરોધ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત આગેવાનોએ જણાવ્યું હતું કે ગૌમાતાના સન્માન અને સંરક્ષણ માટે સમાજમાં વ્યાપક જનજાગૃતિ લાવવી સમયની જરૂરિયાત છે. ગૌસેવા એ ભારતીય સંસ્કૃતિ અને પરંપરાનો અભિન્ન ભાગ હોવાનું તેમણે જણાવ્યું હતું.સમગ્ર કાર્યક્રમ દરમિયાન શાંતિપૂર્ણ અને શિસ્તબદ્ધ માહોલમાં રેલી સંપન્ન થઈ હતી. મોટી સંખ્યામાં ગૌભક્તોની ઉપસ્થિતિએ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

### લાખોનો દારૂ

(પાના નં. ૪ થી આગળ)

મેઘપર આંબરડી ગામે દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન પોલીસે નદીના પટ્ટમાં રાખવામાં આવેલ રૂા.૨૦,૧૭,૮૯૮ ની કિંમતની ૨૯૧૭ ઇંગ્લીશ દારૂની બોટલો, રૂા.૪,૯૮,૬૦૦ ની કિંમતના ૪૯૮૬ દારૂના ચપટા, રૂા.૧૦,૦૦,૦૦૦ ની કિંમતનો જીજે-૩૬-ટી-૪૫૩૫ નંબરનો એક ટ્રક અને રૂા.૫,૦૦,૦૦૦ ની કિંમતનો એક બોલેરો પીકઅપ તેમજ ટ્રકમાં રાખવામાં આવેલ રૂા.૨,૨૦,૫૦૦ ની કિંમતનો ૩૦ એમટીઆર બેન્ટોનાઇટ પાવડર સહિત કુલ રૂા.૪૨,૩૭,૯૯૮ ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

દરોડા દરમિયાન આરોપી ભાયાભાઇ લખમણભાઇ છેલાણા, ભીમાભાઇ ભાયાભાઇ છેલાણા સહિત ટ્રક તથા બોલેરો પીકઅપના ડ્રાઇવર સહિત કોઇપણ શખ્સ પોલીસના હાથે લાગ્યા ન હતાં.

### જામનગરની ડેન્ટલ

(પાના નં. ૪ થી આગળ)

હરેશ વસાવડાના બેંક ખાતામાં કૌભાંડની અમુક રકમ જમા થઈ હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવતાં તેની ધરપકડ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. હવે પોલીસ આર્થિક વ્યવહારોની વધુ તપાસ કરીને કૌભાંડમાં અન્ય કોઈની સંડોવણી છે કે નહીં તે દિશામાં તપાસ આગળ વધારી રહી છે.

### અમિત શાહના હસ્તે થશે

(પાના નં. ૩ થી આગળ)

ધારાસભ્યો સર્વ રાઘવજીભાઈ પટેલ, પબુભા માણેક, દિવ્યેશભાઈ અકબરી, મેઘજીભાઈ ચાવડા, હેમતભાઇ ખવા, જામનગર જીલ્લા પંચાયતના પ્રમુખ રંજનબેન જીવાણી, દ્વારકા જિ.પં.ના પ્રમુખ ગોરીબેન હાથીયા, જામનગરના મેયર મોનિકાબેન વ્યાસ, શહેર ભાજપ પ્રમુખ બીનાબેન કોઠારી, જામનગર જિલ્લા ભાજપ પ્રમુખ ડો.વિનોદભાઈ ભેંડેરી, દ્વારકા જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવી અતિથી વિશેષ તરીકે આ ઉદ્દઘાટન સમારોહમાં ઉપસ્થિત રહેશે. આ સમારોહમાં જોડાવા હાલારની સહકારી અગ્રણીઓને ખેડુતો અને જાહેર જનતાને બેંકના ચેરમેન જીતુભાઇ લાલ અને બોર્ડ ઓફ ડાયરેકટર દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### ૨૦૦ કરોડની ઝવેરાત

(પાના નં. ૧ થી આગળ)

આરોપો સામે આવ્યા છે. અતુલ ભટ્ટે આક્ષેપ કર્યો છે કે, ભૂકંપ બાદ પુનઃનિર્માણ વખતે રિલાયન્સ પરિવારે ચાંદીના દરવાજા માટે આપેલા રૂ. ૭૮ લાખના દાનમાંથી ખરીદી કરતી વખતે કોઈ ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાઈ નહોતી અને હાલ દરવાજા કાળા પડી જતાં ચાંદીમાં ભેળસેળની શંકા વ્યક્ત કરાઈ રહી છે. આ સિવાય, ટ્રસ્ટી સમીર પટેલનું નામ બોટાદ લઠ્ઠાકાંડની ચાર્જશીટમાં આરોપી તરીકે દાખલ હોવાથી ટ્રસ્ટના નિયમો મુજબ તેમના પદ સામે સવાલો ઊઠ્યા છે, તો અન્ય ટ્રસ્ટી હેમંતસિંહ વાઢેર પર પર્યાવરણ જાળવણીના નામે સરવે નંબર ૬૧ની ૧૦૦ એકર ગૌચર જમીન પર મરીન નેચર કેમ્પ બનાવી અંગત વ્યવસાય કરવાનો આક્ષેપ મૂકવામાં આવ્યો છે.

### ગૃહોમાં ધમાલ

(પાના નં. ૧ થી આગળ)

અધ્યક્ષ ઓમ બિરલાએ ગળહની શિષ્ટાચાર જાળવવા ચેતવણી આપી હતી અને પ્રશ્નકાળ ચલાવવા વિનંતી કરી હતી, પરંતુ મડાગાંઠ ઉકેલાય નહીં અને લોકસભા અને ત્યારબાદ રાજ્યસભાની કાર્યવાહી બપોર સુધી સ્થગિત કરવી પડી હતી. ત્યારબાદ ફરી કાર્યવાહી શરૂ થતાં જ બંને ગળહોમાં વિપક્ષે ધમાલ મચાવી હતી.

રાજ્યસભામાં પણ સ્થિતિ આવી જ તણાવપૂર્ણ રહી હતી, જ્યાં શૂન્યકાળ શરૂ થતાં જ વિપક્ષી નેતા મલ્લિકાર્જુન ખડગેએ નિયમ ૨૬૭ હેઠળ વિદ્યાર્થીઓ પર થયેલા દમન પર ચર્ચા કરવા માટે નોટિસ રજૂ કરી હતી. તેમણે આ મુદ્દાને અત્યંત ગંભીર અને દુર્લભ ગણાવ્યો હતો, પરંતુ સભાપતિ દ્વારા ચર્ચાની પરવાનગી ન મળતાં વિપક્ષી સાંસદોએ ભારે હોબાળો મચાવ્યો હતો. વિપક્ષનો આક્ષેપ હતો કે સરકાર યુવાનોના ભવિષ્ય સાથે રમતના વિરોધમાં અવાજ ઉઠાવનારા વિદ્યાર્થીઓ પર દમનગુજારી રહી છે, જ્યારે સ્પીકરે ગળહને નિયમાનુસાર ચલાવવા માટે આગ્રહ રાખ્યો હતો.

### દેશવ્યાપી આંદોલન

(પાના નં. ૧ થી આગળ)

કરારની નકલ પૂરી પાડવાની સ્પષ્ટ માગણી કરવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સરકાર સામે આકરા પ્રહારો કરતા આશુતોષ રાંકાએ જણાવ્યું હતું કે વાયદાઓથી ફરી જવું એ જૂની આદત હોઈ શકે છે પરંતુ આ વખતે વિદ્યાર્થીઓને ચૂંટી ચૂંટીને જેલોમાં પૂરવાનું નહીં ચાલે. તેમણે આકરા શબ્દોમાં ચીમકી આપી હતી કે જો સરકાર દ્વારા તાત્કાલિક તમામ વિદ્યાર્થીઓ પરથી કેસ પાછા ખેંચવામાં નહીં આવે, તો તેઓ ફરી એકવાર રસ્તા પર ઉતરીને ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવા મજબૂર બનશે.

### લાઠીચાર્જ અયોગ્ય

(પાના નં. ૧ થી આગળ)

અને તેમના પર બિનજરૂરી પ્રતિબંધો લાદવા જોઈએ નહીં. કોર્ટે ઉમેર્યું કે જો પોલીસ દ્વારા ક્યાંય પણ નિર્ધારિત સીમાઓનું ઉલ્લંઘન કરીને અતિશય બળ વાપરવામાં આવ્યું હોય, તો તેની તટસ્થ અને સ્વતંત્ર તપાસ થવી જોઈએ. અદાલતે એ વાત પર પણ ભાર મૂક્યો હતો કે લોકશાહીમાં શિસ્ત અને કાયદો-વ્યવસ્થા જાળવવી અત્યંત જરૂરી છે, પરંતુ શિસ્તના નામે નાગરિકોના બંધારણીય અવાજને દબાવી શકાય નહીં. સુનાવણી દરમિયાન બેન્ચે પ્રદર્શનકારીઓની સાથે સાથે ફરજ પર તૈનાત પોલીસકર્મીઓ અને સુરક્ષાકર્મીઓની સુરક્ષા પ્રત્યે પણ સમાન ચિંતા વ્યક્ત કરી હતી. કોર્ટે સ્પષ્ટ કર્યું કે વિરોધ પ્રદર્શન દરમિયાન વિદ્યાર્થીઓ હોય કે સુરક્ષામાં તૈનાત પોલીસ અધિકારીઓ, દરેક વ્યક્તિના જીવન અને શારીરિક સલામતીનું મૂલ્ય સમાન છે અને તેને પ્રાથમિકતા આપવી જોઈએ.

### એક ચક્રવ્યૂહ

(પાના નં. ૧ થી આગળ)

સરકારને જગાડવા માટે જ આ વિરોધ પ્રદર્શન ગોઠવવામાં આવ્યું છે. ઓલ ઈન્ડિયા મોટર ટ્રાન્સપોર્ટ કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ હરીશ સભરવાલ અને ગુડ્સ ટ્રાન્સપોર્ટ એસોસિએશનના પ્રમુખ રાજેન્દર કપૂરે પણ આકરા પ્રહારો કરતા કહ્યું કે, સરકાર વાહનચાલકો પર ઊ૨૦ ફ્યુઅલ જબરદસ્તીથી લાદી રહી છે અને સામાન્ય પેટ્રોલનો કોઈ વિકલ્પ આપતી નથી. ટ્રાન્સપોર્ટર્સે માંગ કરી છે કે ગ્રાહકોને સામાન્ય પેટ્રોલ અને ઊ૨૦ વચ્ચે પોતાની પસંદગીનો વિકલ્પ મળવો જ જોઈએ.

### બેંક ઓફ બરોડા

(પાના નં. ૧ થી આગળ)

જોખમમાં છે. જવાબ હાલમાં જરૂરી નથી છે. ફક્ત ડેટા લીક થવાનો અર્થ એ નથી કે તમારા બેંક ખાતામાંથી પૈસા આપમેળે ઉપાડી લેવામાં આવશે. જો કે, જો કોઈ તમારી વ્યક્તિગત માહિતીની ઍક્સેસ મેળવે છે, તો તેઓ તમને બેંક અધિકારી તરીકે ફોન કરી શકે છે, નકલી લિંક્સ મોકલી શકે છે, અથવા તમારી OTP અથવા નેટ બેંકિંગ માહિતી મેળવવાનો પ્રયાસ કરી શકે છે. આવા કિસ્સાઓમાં ગ્રાહકોએ વધુ સતર્ક રહેવાની જરૂર છે.

### શિપબિલ્ડિંગ પોલિસી

(પાના નં. ૧ થી આગળ)

માળખાકીય સુવિધાઓ વિકસાવવામાં આવશે. રોકાણકારો માટે માળખાકીય ખર્ચ ઘટાડવા અને પ્રક્રિયા સરળ બનાવવા કેપિટલ આસિસ્ટન્સ, સ્ટેમ્પ ડ્યુટી રિફંડ, વ્યાજ સહાય, વીજળી અને પાણીના ચાર્જમાં સબસિડી તેમજ સિંગલ વિન્ડો ક્લિયરન્સ સિસ્ટમ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

આ સંકલિત અભિગમથી ગુજરાતની શિપબિલ્ડિંગ ઉત્પાદન ક્ષમતા ૫૦ લાખ ડેડ વેઇટ ટનેજથી વધુ સુધી પહોંચાડવા, બે મેગા શિપબિલ્ડિંગ પાર્કની સ્થાપના કરવા અને ૫ લાખથી વધુ યુવાનોને કૌશલ્ય તાલીમ આપીને રોજગારી ૫ પૂરી પાડવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

### સામૂહિક આપઘાત

(પાના નં. ૧ થી આગળ)


પ્રયાસ કર્યો હોવાની પ્રાથમિક માહિતી સામે આવ્યું હતું. રાજકોટના ૮૦ ફૂટ રોડ સત્યમ પાર્કમાં રહેતા સોની પરિવારે ઝેરી ટીકડા ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો અને લોનના હપ્તા ચડી જતા આર્થિક સંકડામણને લઈને પરિવારે આપઘાતનો પ્રયાસ કર્યો છે.

## કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬: વેટલિફ્ટિંગમાં ભારતની સફળતા, જ્ઞાનેશ્વરી અને રાજા મુથુપાંડીએ જીત્યો સિલ્વર

**સમય સંદેશઃ ડેસ્ક**

ગ્લાસ્ગો ખાતે રમાઈ રહેલી કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬ના પાંચમા દિવસે ભારતીય વેટલિફ્ટરોએ શાનદાર પ્રદર્શન યથાવત રાખ્યું છે. મહિલાઓની ૫૩ કગ્રા કેટેગરીમાં ૨૨ વર્ષીય જ્ઞાનેશ્વરી યાદવે કુલ ૧૯૯ કિલો વજન ઉપાડીને સિલ્વર મેડલ પોતાના નામે કર્યો છે. ગરીબી અને પિતાના ભારે સંઘર્ષ વચ્ચે રમત ક્ષેત્રે આગળ વધેલી જ્ઞાનેશ્વરી હાલ પોલીસમાં એએસઆઈ તરીકે ફરજ બજાવે છે. આ ઉપરાંત પુરુષોની ૬૫ કગ્રા કેટેગરીમાં વેટલિફ્ટર રાજા મુથુપાંડીએ કુલ ૨૮૬ કિલો વજન ઉપાડીને ભારત માટે વધુ એક સિલ્વર મેડલ મેળવ્યો છે. ભારતે સ્પર્ધાના પાંચમા દિવસ સુધીમાં ૧ ગોલ્ડ (મીરાબાઈ ચાનૂ), ૩ સિલ્વર (જ્ઞાનેશ્વરી યાદવ, રાજા મુથુપાંડી, ઋષિકાંત સિંહ) અને ૧ બ્રોન્ઝ (ઝંડુ કુમાર) એમ કુલ ૫ મેડલ જીતીને મેડલ ટેલીમાં ૮મું સ્થાન મેળવ્યું છે.

# જામનગર જિલ્લા સહકારી બેંકની નવી ઈમારતનું આજે અમિત શાહના હસ્તે થશે લોકાર્પણ



**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લા સહકારી બેંકની મુખ્ય કચેરીના અત્યાધુનિક અને વિશાળ ઇમારત ''સહકાર ભવન''નું ઉદ્ઘાટન કેન્દ્રિય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે આજે સાંજે થશે. તેઓ વર્ચ્યુઅલ રીતે આ સમારોહમાં જોડાશે. આ અંગેની વિગતો આપતાં જામનગર જિલ્લા સહકારી બેંકના ચેરમેન જીતુભાઈ લાલે જણાવ્યું છે કે, હાલારના સહકારી ક્ષેત્રની આ બેંકની મુખ્ય કચેરી છેલ્લા ૬૭ વર્ષથી જ્યાં કાર્યરત હતી, ત્યાં જગ્યા ટુંકી પડતાં નવી ઈમારત માટે બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

આ માટે મહાપ્રભુજી બેઠક રોડ પર ૨૫ હજાર ચો.ફુટ જમીન પસંદ કરવામાં આવ્યા પછી ૪૭ હજાર ચો.ફુટ બાંધકામ કરવામાં આવ્યું છે. જેમાં ભોંયતળીયું અને ચાર મજલાનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેમાં અદ્યતન-વિશાળ લોકરરૂમ તેમજ ખેડુતો-સભાસદો માટે રાત્રિ રોકાણની સવલત માટે વાતાનુકુલિત રૂમો અને તેઓને માત્ર રૂ.૫૦માં શુધ્ધ-સાત્વિક ભોજન મળી રહે તે માટે કેન્ટીનની સગવડ પણ આપવામાં આવી છે. અને બેંકની જરૂરીયાત મુજબ અધિકારીઓ-કર્મચારીઓને બેઠક વ્યવસ્થા સાથે સેમીનાર-મીટીંગ માટે અલાયદો વિશાળ હોલ પણ બનાવવામાં આવ્યો છે. જામનગર જિલ્લા સહકારી બેંકની આ નવનિર્મિત મુખ્ય કચેરીની ભવ્ય ઈમારતનું ઉદ્ઘાટન કેન્દ્રિય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહના વરદ હસ્તે આજ તા.૨૮-૦૭-૨૬ના સાંજે ૪-૩૦ કલાકે વર્ચ્યુઅલ ઉપસ્થિતિ સાથે થશે. જેમાં રાજયના સહકાર મંત્રી જીતુભાઈ વાઘાણી પણ વર્ચ્યુઅલી જોડાશે.

આ ઉદ્ઘાટન સમારોહમાં કો.ઓ.બેંક ઓફ ઇન્ડિયાના ચેરમેન તેમજ ગુજરાત સ્ટેટ કો. ઓ. બેંકના ચેરમેને અજયભાઈ પટેલ સવિશેષ ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત રાજયના શિક્ષણ મંત્રી (રાજયકક્ષા) રિવાબા જાડેજા, સાંસદ પૂનમબેન માડમ, સાંસદ (રાજયસભા) જીતેન્દ્રભાઈ કણઝારીયા, પ્રદેશ ભાજપના સહકારીતા સેલના અધ્યક્ષ બિપીનભાઈ પટેલ (ગોતા),

અનુ પાના નં.૨ પર

# પૃથ્વી સંઘાણીનું ધારાસભ્ય સહિતના અગ્રણીઓ દ્વારા સન્માન





તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના રણજિતનગર વિસ્તારમાં આવેલા કેશવજી અરજણ લેઉવા પટેલ સેવા સમાજ ખાતે યોજાયેલા મેગા બ્લડ ડોનેશન કેમ્પ દરમિયાન ભારતના પ્રથમ ખાનગી સ્પેસ મિશનના 'વિક્રમ' રોકેટના કંટ્રોલ સિસ્ટમ ડિઝાઇનમાં મહત્વપૂર્ણ યોગદાન આપનાર જામનગરની દીકરી પૃથ્વી સંઘાણીની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. આ પ્રસંગે જામનગર દક્ષિણ વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય દિવ્યેશ અકબરી તથા તેમના મિત્રમંડળે પૃથ્વી સંઘાણીનું પુષ્પગુચ્છ અર્પણ કરી ઉષ્માભર્યું સ્વાગત અને સન્માન કર્યું હતું.

આ સ્વાગત ના કાર્યક્રમમાં ધારાસભ્ય ની સાથે લેઉવા પટેલ સમાજના પ્રમુખ મનસુખભાઈ રાબડીયા ને તેઓની કારોબારીની સમગ્ર ટીમ, ઉપરાંત જામનગરના પ્રથમ નાગરિક એવા મેયર મોનિકાબેન વ્યાસ, ડેપ્યુટી મેયર રાકેશ ડેર , સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ધીરેન મોનાણી, શાસક જૂથના નેતા અમર મોદી, તેમજ દંડક પ્રવિણાબેન રૂપડીયા વગેરે પણ જોડાયા હતા, અને પૃથ્વી સંઘાણીનું ઉષ્માભેર સ્વાગત કર્યું હતું.

ભારતના સ્પેસ ક્ષેત્રમાં તેમના નોંધપાત્ર યોગદાન બદલ તેમને અભિનંદન પાઠવી તેમના કાર્યને જામનગર તેમજ સમગ્ર ગુજરાત માટે ગૌરવની બાબત ગણાવ્યું હતું. પ્રસંગ દરમિયાન ઉપસ્થિત આગેવાનો અને યુવાનોએ પણ પૃથ્વી સંઘાણી સાથે મુલાકાત કરી તેમને શુભેચ્છાઓ પાઠવી હતી. સ્પેસ ક્ષેત્રે તેમની સિદ્ધિઓ યુવા પેઢી માટે પ્રેરણારૂપ હોવાનું જણાવાયું હતું. બ્લડ ડોનેશન જેવા સેવાકીય કાર્યક્રમમાં તેમની ઉપસ્થિતિએ રક્તદાતાઓ અને યુવાનોમાં વિશેષ ઉત્સાહનો માહોલ સર્જ્યો હતો.

# જામનગર સ્થિત ગુજરાત આયુર્વેદ યુનિ.માં BAMSનું પેપર લીક થયાની પ્રબળ આશંકા

## યુનિ.એ તપાસ સમિતિ રચશે, WhatsApp પર વાયરલ થયેલા ૧૨માંથી ૧૧ મુદ્દા પરીક્ષામાં બેઠા પૂછાયા હતા

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં આવેલી ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી દ્વારા ૨૦ જુલાઈએ યોજાયેલી ઇઅખજ તૃતીય પ્રોફેશનલ વર્ષની 'શલ્ય તંત્ર-૧' વિષયની પરીક્ષા ગંભીર વિવાદમાં સપડાઈ છે. પરીક્ષા શરૂ થાય તે પહેલાં સોશિયલ મીડિયા તથા WhatsApp પર ફરતા થયેલા 'મહત્વના મુદ્દાઓ' (Important Topics) અને પરીક્ષાના મૂળ પ્રશ્નપત્ર વચ્ચે ચોંકાવનારી સમાનતા જોવા મળી છે. વાયરલ થયેલી યાદીના ૧૨ મુદ્દાઓમાંથી ૧૧ મુદ્દા પરીક્ષામાં બેઠેબેઠા પૂછાતાં આયુર્વેદિક શિક્ષણ ક્ષેત્રના નિષ્ણાતો, શિક્ષકો અને વિદ્યાર્થીઓમાં પરીક્ષાની પારદર્શિતા તેમજ વિશ્વસનીયતાને લઈને ભારે અસંતોષ અને આક્રોશ વ્યાપી ગયો છે.



તસવીરઃ હિરેન ગાંધી

જામનગર યુથ કોંગ્રેસ અને NSUI દ્વારા ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના સત્તાધીશોને આવેદનપત્ર પાઠવીને રજૂઆત કરવામાં આવી છે. સંગઠનોએ સમગ્ર ઘટનાની નિષ્પક્ષ અને ઉચ્ચસ્તરીય તપાસ કરાવવાની તેમજ દોષિતો સામે દાખલારૂપ કાયદેસરની કાર્યવાહી કરવાની માંગણી કરી છે.

આ સમગ્ર કૌભાંડ સામે આવતાં જ સાથે જ તેમણે તંત્રને ચેતવણી આપતાં જણાવ્યું છે કે જો વિદ્યાર્થીઓના હિતમાં તાત્કાલિક નિર્ણય લેવામાં નહીં આવે અને પારદર્શક તપાસ નહીં થાય, તો આવનારા દિવસોમાં વિદ્યાર્થીઓને સાથે રાખીને ઉગ્ર આંદોલન છેડવામાં આવશે, જેની સંપૂર્ણ જવાબદારી યુનિવર્સિટી પ્રશાસનની રહેશે. ઉભા થયેલા ભારે વિવાદ વચ્ચે ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના ઇન્ચાર્જ પરીક્ષા નિયામક એચ.પી. ઝાલાએ ખુલાસો કર્યો છે કે પરીક્ષા સવારે નિયમિત રીતે પૂર્ણ થઈ ગઈ હતી, પરંતુ સાંજના સમયે પ્રશ્નપત્રના મુદ્દા વાયરલ થયા હોવાની જાણકારી મળતા જ કુલપતિ સાથે વિચારવિમર્શ હાથ ધરવામાં આવ્યો હતો. આ મામલે સત્યતા બહાર લાવવા માટે વિશેષ તપાસ સમિતિની રચના કરવાનો નિર્ણય લેવાયો છે. આ કમિટી વાયરલ મેસેજના સ્ત્રોત, મૂળ પ્રશ્નપત્ર અને અન્ય તમામ પુરાવાઓની ગહન તપાસ કરીને તેનો અહેવાલ સોંપશે.

## જામનગરમાં જયાપાર્વતી વ્રતનું પૂજન



તસવીરઃ હિરેન ગાંધી



જામનગરમાં જયાપાર્વતીના વ્રતનો પ્રારંભ થયો છે. વ્રતધારી મહિલાઓએ શિવમંદિરે સમૂહમાં પૂજાવિધિ કરી હતી.

## ધ્રોલ હોમગાર્ડ યુનિટ દ્વારા મેઘરાજાને રીઝવવા પ્રયાસ



જુદા જુદા પ્રકારની નિષ્કામ સેવાઓમાં સતત વ્યસ્ત અને અગ્રેસર રહેતી જિલ્લા હોમગાર્ડઝ ના ધ્રોલ યુનિટ દ્વારા વધુ એક સેવાકીય પ્રવૃત્તિ કરવામાં આવી હતી. જિલ્લા કમાન્ડન્ટ ગીરીશ સરવૈયાના માર્ગદર્શન અને જે.કે.પરમાર ઓફિસર કમાન્ડિંગ ધ્રોલ તથા એ.એચ.ખીમસુરીયા ઈનચાર્જના નેજા હેઠળ ધ્રોલ હોમગાર્ડઝ યુનિટ દ્વારા મેઘરાજાને રીઝવવા માટે શ્વાન અને ગાયો માટે દશ-મણના મેઘલાડુ બનાવી ધ્રોલ શહેરના તમામ વિસ્તારમાં આ અબોલ પશુઓને ખવડાવવામાં આવ્યા હતા.

## નેવલ એનસીસી યુનિટ દ્વારા શહીદોને શ્રદ્ધાંજલિ




તસવીરઃ હિરેન ગાંધી

રણમલ તળાવ ખાતે આવેલા શહિદ સ્મારક પર વહેલી સવારે ૮ ગુજરાત નેવલ યુનિટ એનસીસી જામનગરના કેડેટ્સ, એસોસિયેટ એનસીસી ઓફિસર્સ તથા પીઆઇ સ્ટાફ દ્વારા કારગીલ વિજય દિવસ નિમિત્તે શહીદોને શ્રદ્ધાંજલિ અર્પી તેમની વીરતા અને બલિદાનને લાગણીસભર રીતે યાદ કર્યા હતા. ૮ ગુજરાત નેવલ યુનિટ એનસીસીના કમાન્ડિંગ ઓફિસર કમાન્ડર સ્નેહા રાયના માર્ગદર્શનમાં વિવિધ શાળા તથા કોલેજના કેડેટ્સ દ્વારા બેન્ડની હૃદયસ્પર્શી સુરાવલી સાથે શહીદોને સશસ્ત્ર સલામી આપી બે મિનિટનું મૌન ધારણ કરવામાં આવ્યું હતું.

# જામનગરમાં રહેણાંક મકાનમાં ગેરકાયદે ચાલતુ કતલખાનું ઝડપાયું

## સ્થાનિકોની રજૂઆત બાદ જીવદયાપ્રેમીઓ અને પોલીસ પહોંચતા ભૂંડની કતલ કરાતી હોવાનું ખુલ્યું







તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં રાજ પાર્ક પાછળ આવેલી શિવનગર સોસાયટીમાં રહેણાંક મકાનમાં ગેરકાયદે કતલખાનું ચલાવવામાં આવતું હોવાનો પર્દાફાશ થતાં વિસ્તારમાં ખળભળાટ મચી ગયો છે. સ્થાનિકોની ફરિયાદના આધારે જીવદયા પ્રેમીઓ અને પોલીસની ટીમે સંયુક્ત કાર્યવાહી હાથ ધરી હતી. આ મામલે આરોપી સામે સિટી બી ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે.

શિવનગર સોસાયટીમાં છેલ્લા કેટલાક સમયથી વિસ્તારમાં દુર્ગંધ ફેલાતી હોવા ઉપરાંત ભૂંડની કતલ થતી હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી રહી હતી. સ્થાનિકોની રજૂઆત બાદ જીવદયા પ્રેમીઓ પોલીસ સાથે સ્થળ પર પહોંચ્યા હતા. પોલીસની હાજરીમાં મકાનની તપાસ દરમિયાન અંદર ભૂંડની કતલ કરવામાં આવતી હોવાનું બહાર આવ્યું હતું. સ્થળ પરથી કતલ માટે વપરાતા સાધનો સહિતના કેટલાક પુરાવા પણ મળી આવ્યા હોવાનું જાણવા મળે છે. પ્રાથમિક તપાસ દરમિયાન સંચાલકો દ્વારા જામનગર મહાનગરપાલિકામાં કરાયેલી અરજીની નકલ રજૂ કરી કામગીરીને યોગ્ય ઠેરવવાનો પ્રયાસ કરાયો હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે. જોકે રહેણાંક વિસ્તારમાં આ પ્રકારની પ્રવૃત્તિ ચલાવી શકાય કે નહીં તે અંગે પોલીસ અને સંબંધિત વિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

જીવદયા પ્રેમીઓએ જણાવ્યું હતું કે રહેણાંક વિસ્તારમાં ગેરકાયદે કતલખાનું ચલાવવાથી સ્થાનિકોના આરોગ્ય પર ગંભીર અસર પડી શકે છે તેમજ સ્વચ્છતા અને જાહેર આરોગ્યના નિયમોનો પણ ભંગ થાય છે. તેથી જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. ત્યારબાદ ગૌવરક્ષક ધવલભાઈ રાવલની ફરિયાદના આધારે શિવનગર સોસાયટીમાં રહેતા આરોપી સોરણસિંહ રતનસિંહ સરદારજી સામે પશુ ક્રૂરતા નીવારણ અધિનિયમ સહિતની કલમ હેઠળ ગુનો નોંધાયો છે.

# લાલપુરના નાની રાફૂદળ ગામે વીજશોક લાગતા મહિલાનું મોત

**સમય સંદેશઃ લાલપુર**

જામનગર જિલ્લાના લાલપુર પોલીસ મથકેથી આ બનાવની જાણવા મળતી વિગત અનુસાર જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના નાની રાફુદળ ગામે રહેતાં ભાનુબેન મોહનભાઇ ધારવિયા (ઉ.વ.૫૦) ગઇકાલે પોતાના ખેતરમાં ખેતી કામ કરી રહ્યાં હતાં. દરમિયાન તેઓના ખેતરમાંથી પસાર થતી જીઇબીની ૪૧૫ વોલ્ટની એલ.ટી. લાઇન પસાર થતી હોય અને તેના પોલમાં લગાવેલ તાણિયામાં સ્ટ્રેટ ઇન્સ્યુલેશન લગાવેલ ન હતું.

જેથી ચાલુ લાઇનનો વાયર તાણિયા સાથે અડી જતાં તાણિયામાં વીજ પ્રવાહ ચાલુ થયો હતો અને ભાનુબેનનો હાથ આ તાણિયાને અડી જતાં તેઓને ઇલેક્ટ્રીક શોક લાગ્યો હતો અને તેઓનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું.

આ બનાવ અંગે મૃત્તકના પુત્ર મીતુલભાઇ ધારવિયાએ પોલીસને જાણ કરતાં લાલપુર પોલીસ મથકના એએસઆઇ ડી.ડી. જાડેજાનો સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો.

પોલીસે મૃત્તદેહનો કબ્જો સંભાળી પીએમ સહિતની કાર્યવાહી કરાવી આ બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગરના શંકરટેકરીમાં વૃદ્ધ ઉપર હુમલા મામલે ત્રણ સામે ફરિયાદ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મુજબ, શંકર ટેકરી, નવી નિશાળ પાસે રહેતા મહમદભાઈ યુસુફભાઈ ખફી (ઉ.વ. ૬૬) તા. ૨૫ જુલાઈના રોજ બપોરે આશરે ૩:૩૦ વાગ્યે પોતાના ઓલા મોટરસાયકલ પર પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન શંકર ટેકરી વિસ્તારમાં રહેતા સાહિદ ફિરોજભાઈ ખીરા, વસીમ સલીમ ખીરા અને અલ્ફાન ગફાર ખીરાએ તેમનો રસ્તો રોકી હુમલો કર્યો હતો.

ફરિયાદ મુજબ, સાહિદ ફિરોજભાઈ ખીરાએ છરી વડે મહમદભાઈના માથાના ભાગે ઇજા પહોંચાડી હતી. વસીમ સલીમ ખીરાએ પાઇપ વડે શરીરે માર માર્યો હતો, જ્યારે અલ્ફાન ગફાર ખીરાએ લાકડાના ધોકાથી હુમલો કરી ઇજા પહોંચાડી હતી. ત્યારબાદ ત્રણેય આરોપીઓએ ફરિયાદીને ભુંડી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ઉપરાંત હથિયારબંધી અંગેના જાહેરનામાનો ભંગ કર્યો હોવાનું પણ ફરિયાદમાં જણાવાયું છે.

આ બનાવ અંગે સીટી સી ડિવિઝન પોલીસે સાહિદ ફિરોજભાઈ ખીરા, વસીમ સલીમ ખીરા અને અલ્ફાન ગફાર ખીરા સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૧૧૮(૧), ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૫(૧) હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જેલ મોબાઈલકાંડમાં ત્રણ ફરિયાદ નોંધાયા બાદ સાયબર ક્રાઈમની તપાસમાં વધુ બે શખ્સોની સંડોવણી ખુલી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લા જેલમાંથી ગેરકાયદેસર રીતે મોબાઈલ ફોનના ઉપયોગના ચકચારી પ્રકરણમાં સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનની તપાસ સતત નવા ખુલાસા કરી રહી છે. જામનગર શહેરના સીટી-એ ડિવિઝન પોલીસ મથકે નોંધાયેલી અલગ-અલગ ત્રણ ફરિયાદોની તપાસ સાયબર ક્રાઈમ સેલને સોંપવામાં આવી હતી.

ટેક્નિકલ અને વૈજ્ઞાનિક પદ્ધતિથી હાથ ધરાયેલી ઊંડાણપૂર્વકની તપાસમાં વધુ બે આરોપીઓની સંડોવણી સામે આવતાં પોલીસે બંનેને કાયદેસર કબજામાં લઈ પૂછપરછ શરૂ કરી છે. પોલીસે આ પ્રકરણમાં અનિલ ઉમેશભાઈ બાંભણિયા (રહે. આરંભડા ગામ, દેવભૂમિ દ્વારકા) તેમજ આરિફ મહંમદભાઈ પુંજાણી (રહે. મહારાજા સોસાયટી, જામનગર)ની ધરપકડ કરી છે. બંને આરોપીઓ અગાઉથી અન્ય ગુનાઓમાં જિલ્લા જેલમાં બંધ હોવાથી અદાલતી પ્રક્રિયા પૂર્ણ કરીને તેમનો કબજો મેળવી વધુ પૂછપરછ હાથ ધરવામાં આવી રહી છે.

આ સમગ્ર પ્રકરણમાં અત્યાર સુધીમાં કુલ ૧૨ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. તપાસ દરમિયાન જેલમાં મોબાઈલ ફોન કેવી રીતે પહોંચ્યા, તેનો ઉપયોગ કોના સંપર્ક માટે કરવામાં આવ્યો હતો તેમજ સમગ્ર રેકેટમાં અન્ય કોઈ વ્યક્તિની સંડોવણી છે કે નહીં તે સહિતના તમામ મુદ્દાઓની સઘન તપાસ ચાલી રહી છે.

# વીજચોરી કેસમાં આરોપી મહિલાને ૪ વર્ષની સજા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના દ્વારકેશ-૫ વિસ્તારમાં રહેતી નીતાબેન દેવશીભાઈ જાદવને વીજચોરી કરવી ભારે પડી છે. સ્પેશિયલ કોર્ટ પાવરચોરીના બે અલગ-અલગ કેસમાં આરોપી મહિલાને દોષિત ઠેરવી કુલ ચાર વર્ષની સજા અને રૂ. ૩.૭૫ લાખનો દંડ ફટકાર્યો છે. આરોપીના રહેણાંક મકાનમાં પીજીવીસીએલ ની ટીમે બે વખત ચેકિંગ કર્યું હતું. પ્રથમવાર તા. ૧૨.૧૨.૨૦૨૨ ના રોજ એ.આર. પરમાર અને બીજીવાર તા. ૧૯.૯.૨૦૨૪ના રોજ પી.બી. પ્રસાદ દ્વારા કરવામાં આવેલી તંપાસમાં મહિલા બિનઅધિકૃત રીતે ડાયરેક્ટ વીજચોરી કરતી ઝડપાઈ હતી. નાયબ ઈજનેર પ્રતિકસિંહ જાડેજા દ્વારા ત્રઋટગક પોલીસ સ્ટેશનમાં ઈન્ડિયન ઈલેક્ટ્રિસીટી એક્ટની કલમ હેઠળ કુલ રૂ. ૧.૨૪લાખથી વધુની વીજચોરીની ફરિયાદ નોંધાવાઈ હતી. સરકારી પક્ષે રોકાયેલા વકીલ રાજેશ વસીયરે કોર્ટમાં સાત સાક્ષીઓ અને સતર દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા હતા. તમામ દલીલોને ગ્રાહ્ય રાખી કોર્ટે આરોપીને દરેક કેસમાં બે.બે વર્ષ એટલે કે કુલ ચાર વર્ષની સજા અને દંડનો આદેશ કર્યો છે. આ ઉપરાંત, પિજિવિસિએલ ને રૂ. ૧૫૦૦૦ વળતર અને સિવિલ દાવો કર્યા વિના પૂરવણી બિલની વસુલાત કરવાની મંજૂરી આપી છે.

# જામનગરવાસીઓ મનપાની કામગીરીથી જ હેરાન થશે !

## ભર ચોમાસામાં રોડ ખોદી નાખતા લોકોમાં ભારે રોષઃ વાહનચાલકો અને વિદ્યાર્થીઓની હાલાકી

**સમય સંદેશઃ જામનગર**
**(ભાર્ગવી યોગેશભાઈ વ્યાસ દ્વારા)**

જામનગર શહેરમાં ચોમાસાની સિઝન શરૂ થઈ ગઈ છે ત્યારે જામનગર મહાનગરપાલિકાની કામગીરી સામે ફરી એક વખત સવાલો ઉઠવા પામ્યા છે. એક તરફ વરસાદી માહોલમાં લોકોને રસ્તા અને ટ્રાફિકની સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે, ત્યારે બીજી તરફ મનપા દ્વારા ભર ચોમાસામાં જ શહેરના વિવિધ વિસ્તારોમાં રોડ ખોદકામની કામગીરી શરૂ કરવામાં આવતા લોકોની મુશ્કેલીમાં વધારો થયો છે.

એકબાજુ શહેરના મોટી હવેલી વિસ્તારમાં કરવામાં આવેલા ખોદકામને પગલે સ્થાનિકો અને વાહનચાલકો પરેશાની ભોગવી રહ્યા છે. રસ્તા પર ખોદકામ બાદ યોગ્ય વ્યવસ્થા કરવામાં ન આવતા અવરજવર મુશ્કેલ બની રહી હોવાની ફરિયાદો ઉઠી રહી છે. ત્યાં જ હવે પવનચક્કી વિસ્તારમાં પાણીની લાઇન કે ગટરલાઇનની કામગીરી માટે તાજેતરમાં બનાવવામાં આવેલા





તસવીરઃ હિરેન ગાંધી

ડામર રોડને ખોદી નાખવામાં આવતા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

નોંધનીય છે કે, થોડા સમય પહેલા જ આ માર્ગ પર ડામર રોડ બનાવવામાં આવ્યો હતો. જોકે, રોડ બનાવ્યાના થોડા જ સમયમાં ફરીથી ખોદકામ કરવામાં આવતા મનપાની આયોજનબદ્ધ કામગીરી સામે સવાલો ઉભા થયા છે. જો લાઇનની કામગીરી કરવાની જ હતી તો રોડ બનાવતા અગાઉ કેમ કરવામાં ન આવી? તેવો સવાલ પણ સ્થાનિકો દ્વારા ઉઠાવવામાં આવી રહ્યો છે. ખાસ કરીને આ માર્ગ પરથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ શાળા અને ક્લાસિસ માટે અવરજવર કરતા હોય છે. રોડ ખોદકામના કારણે વિદ્યાર્થીઓને પણ ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. વરસાદી માહોલમાં ખોદકામ કરાયેલા રસ્તા પર કાદવ અને પાણી ભરાવાની સ્થિતિ સર્જાય તો અકસ્માતનું જોખમ પણ વધી શકે છે.

સ્થાનિકોનું કહેવું છે કે, મનપા દ્વારા વિકાસના નામે રોડ બનાવવામાં આવે છે અને થોડા સમય બાદ ફરીથી એ જ રોડને ખોદી નાખવામાં આવે છે. જેના કારણે સરકારી નાણાંનો વ્યય થવાની સાથે નાગરિકોને પણ સતત મુશ્કેલી ભોગવવી પડે છે. હવે સ્થાનિકો દ્વારા માંગ કરવામાં આવી રહી છે કે, રોડ ખોદકામની કામગીરી તાત્કાલિક અસરથી પૂર્ણ કરવામાં આવે અને ખોદવામાં આવેલા રસ્તા પર ગુણવત્તાયુક્ત તથા નક્કર પેચિંગ વર્ક કરવામાં આવે, જેથી વરસાદી સિઝનમાં લોકોને વધુ મુશ્કેલી ન પડે અને વાહનચાલકો તથા વિદ્યાર્થીઓની અવરજવર સરળ બની શકે.

# જામધર્માદા ટ્રસ્ટમાંથી એકાઉન્ટન્ટે ૧૮.૩૦ લાખની કરી ઘાલમેલઃ પોલીસ ફરિયાદ

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના રાજવીના જામસાહેબના જામધર્માદા ટ્રસ્ટમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતા આરોપીએ ટ્રસ્ટમાં પગારબિલમાં ગોટાળા કરી રૂ.૧૮.૩૦ લાખનો ગુનાહિત વિશ્વાસઘાત કર્યાની ફરિયાદ નોંધાઇ છે. આરોપીએ પગારબિલમાં વધુ રકમ દર્શાવી અને ચેકોમાં કથિત રીતે ફેરફાર કરીને આશરે રૂ.૧૮.૩૦ લાખ પોતાના તથા પત્નીના બેંક ખાતામાં ટ્રાન્સફર કરી લીધાના આરોપ સાથે મામલો પોલીસ મથકમાં પહોંચતા ખળભળાટ મચી ગયો છે. જામસાહેબના અંગત મદદનીશની ફરિયાદના આધારે પોલીસે તપાસ હાથ ધરી છે.

શહેરના પંચવટી સોસાયટી, ગૌશાળા પ્લોટ નજીક રહેતા અને જામસાહેબના અંગત મદદનીશ એવા નરેન્દ્રસિંહ માનસિંહ જાડેજા (ઉ.વ.૬૦)એ ટ્રસ્ટના એકાઉન્ટન્ટ એવા આરોપી આંનદ બાબુભાઇ પરમાર (રહે.પંચેશ્વરટાવર પાસે, જામનગર) સામે નોંધાવેલી ફરિયાદ અનુસાર આરોપી આંનંદ છેલ્લા સાત વર્ષથી જામ ધર્માદા ટ્રસ્ટમાં નોકરી કરતો હતો અને તેનું કામ કર્મચારીઓના પગારબીલ બનાવી જામસાહેબને આપી તેઓની મંજુરી બાદ પગારની રકમ મુજબ ચેક બેંકમાં જમા કરાવવા, જામસાહેબએ ટ્રસ્ટના કામ માટે કોઇ લેવડ-દેવડ કરી હોય તેના બીલ બનાવી જામસાહેબને આપી ત્યારબાદ તે ચેકમાં જમા કરાવવા સહિતની કામગીરી કરતો હતો.

આરોપીએ ટ્રસ્ટના તમામ કર્મીઓના પગારબીલ બનાવી તેમાં વર્ષ ૨૦૨૩ થી ફેબ્રુઆરી ૨૦૨૬ સુધીના સમયગાળા દરમિયાન પગારબીલ કરતા વધુ રકમ દર્શાવી અને તેમાં પોતાના તથા તેમની પત્નીના ટુંકા નામ દર્શાવી વિશ્વાસઘાત કર્યો હતો. આરોપીએ પગારબીલમાં વધુ રકમ દર્શાવી ચેકોમાં પગાર કરતા વધુ રકમ ભરી જામસાહેબની જાણ બહાર સહી લઇ પોતાના બેંક એકાઉન્ટમાં પોતાના પગાર કરતા વધુ રકમ મેળવી તેના અને તેની પત્નીના ખાતામાં મળી આશરે રૂ.૧૮.૩૦ લાખ ટ્રાન્સફર કરી લીધા હતા.

પગારબીલમાં વધુ રકમ હોવાનું જામસાહેબને ધ્યાનમાં આવતા ટ્રસ્ટ અને પોતાના પર્સનલ ખાતાના બેંક સ્ટેટમેન્ટો ચેક કર્યા હતા. જેમાં આરોપીએ કટકે-કટકે રૂ. ૧૦.૮૦ લાખ જેટલી રકમ તેમના ખાતામાં ટ્રાન્સફર કર્યાનું ખૂલ્યું હતું. આ ઉપરાંત આંનંદએ તેમના કર્મચારી એકાઉન્ટમાં આશરે રૂ.૭.૫૦ લાખની રકમ ભરી તેમના ખાતામાં જમા કરાવી લીધા હતા. જેના આધારે પોલીસે આરોપી સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# જિલ્લા પંચાયતની વિવિધ શાખાના કરોડોના બીલના ચુકવણા અટકયા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લા પંચાયતની હિસાબી શાખાના એક એકાઉન્ટન્ટની મેલી નિતિભરી આડોડાઈને કારણે પંચાયતની જુદી-જુદી શાખાઓના રૂ.૧૫ થી ૨૦ કરોડના બીલોના ચુકવણા પંદર દિવસથી ટલ્લે ચડી ગયા છે. જિલ્લા વિકાસ અધિકારી આ મામલે તપાસ કરીને પગલા લે તેવી માંગ ઉઠી છે. આગામી દિવસોમાં આ અંગે મુખ્ય મંત્રી અને મુખ્ય સચિવ મનોજ કુમાર દાસને રજુઆત થવા શક્યતા છે.

પંચાયતની હિસાબી શાખા દ્વારા પુરા થતા સરકારી કામોના બીલો મુકાય એટલે તેના પેમેન્ટ કરવામાં આવતા હોય છે. પરંતુ આ કામગીરી ઠપ્પ થઈ થઈ ગઈ છે. ચર્ચાતી વિગત અને ઉઠેલી ફરિયાદો મુજબ અગાઉ અન્ય અને હાલ હિસાબી શાખામાં ફરજયુક્ત અને ડીડીઓએકાઉન્ટન્ટની મેલી નીતિની ડીડીઓ કાર્યાલયમાં સારા સબંધો ધરાવતા એકાઉન્ટન્ટ દ્વારા ચોક્કસ અપેક્ષા કે હેતુ હોય તેમ મંજુર થયેલા કરોડો રૂપિયાના બીલોને વગર કારણે ટેબલના ખાનામાં મુકી રાખવામાં આવે છે. તેમજ જુદા-જુદા મુદ્દા ઉભા કરવામાં આવે છે. જેથી પેમેન્ટો અટકી રહ્યા છે. છેલ્લા પંદર દિવસથી આ સ્થિતિ સર્જાઈ છે.જિલ્લા વિકાસ અધિકારી પોતે જે તે

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં ગૌ-સન્માન આહ્વાન અભિયાનના ભાગરૂપે ગૌ-ભક્તો દ્વારા રેલી




તસવીરઃ હિરેન ગાંધી



**સમય સંદેશઃ જામનગર**

ગૌ સન્માન આહ્વાન અભિયાનના ભાગરૂપે આજે જામનગરમાં ગૌભક્તો દ્વારા ભવ્ય રેલીયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેરના વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ગૌભક્તો, સામાજિક આગેવાનો અને ગૌસેવા સાથે સંકળાયેલા કાર્યકરો ઉત્સાહભેર જોડાયા હતા.

રેલી શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે પહોંચી હતી. ત્યાં જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર સુપરત કરી તેમના માધ્યમથી ભારતના રાષ્ટ્રપતિ, વડાપ્રધાન તથા ગુજરાતના મુખ્યમંત્રીને રજૂઆત કરવામાં આવી હતી. આવેદનમાં દેશમાં ગૌ સન્માન, ગૌસેવા અને ગૌસુરક્ષાને

અનુ પાના નં.૨ પર

# નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લા કલેક્ટરશ્રી પી. બી. પંડ્યાના અધ્યક્ષસ્થાને જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક કલેક્ટર કચેરીના સભાખંડમાં યોજાઈ હતી. બેઠકમાં જિલ્લામાં નવી વાજબી ભાવની દુકાનો શરૂ કરવા, મર્જ/ બ્રાન્ચ એફપીએસ કરવા તેમજ જિલ્લા તકેદારી સમિતિની રચના સહિત નાગરિક પુરવઠા સંબંધિત વિવિધ કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી.

બેઠક દરમિયાન સરકાર માન્ય વાજબી ભાવની દુકાન શરૂ કરવા માટેના પ્રવર્તમાન વસ્તી ધોરણો અંગે ચર્ચા કરવામાં આવી હતી. ધોરણો અનુસાર ગ્રામ્ય વિસ્તારમાં ૩,૦૦૦ની વસ્તીમાં રાષ્ટ્રીય અન્ન સલામતી અધિનિયમ-૨૦૧૩ હેઠળ સમાવિષ્ટ ઓછામાં ઓછી ૭૫ ટકા વસ્તી માટે એક વાજબી ભાવની દુકાન ખોલવા અંગે તેમજ શહેરી વિસ્તારમાં ૭,૫૦૦ની વસ્તીમાં રાષ્ટ્રીય અન્ન સલામતી અધિનિયમ-૨૦૧૩ હેઠળ સમાવિષ્ટ ઓછામાં ઓછી ૪૮ ટકા વસ્તી માટે એક વાજબી ભાવની દુકાન ખોલવા અંગે ચર્ચા કરવામાં આવી હતી.

આ ઉપરાંત, ૩,૦૦૦થી ઓછી વસ્તી ધરાવતા વિસ્તારોમાં જરૂરીયાત અને ધોરણો મુજબ મર્જ કે બ્રાન્ચ એફ.પી.એસ. તરીકે કાર્યરત કરવા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. જામનગર શહેરના અંબાજી ચોક વિસ્તાર તેમજ મોરકંડા રોડ, કલ્યાણ સોસાયટી વિસ્તારમાં શહેરી વિસ્તારના ધોરણો મુજબ બે નવી વાજબી ભાવની દુકાનો શરૂ કરવા અંગે આવેલ નવી દુકાનની દરખાસ્ત અંગે પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. તેમજ મર્જ એફ.પી.એસ. અને બ્રાન્ચ એફ.પી.એસ. કરવા પાત્ર દુકાનો અંગેની દરખાસ્તોની પણ સમીક્ષા કરવામાં આવી હતી, જેમાં જગા, દડિયા અને નાઘેડી ગામની દુકાનોનો સમાવેશ થાય છે.

બેઠકમાં જિલ્લા તકેદારી સમિતિની રચના તેમજ નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સંબંધિત વિવિધ કામગીરીની પ્રગતિની સમીક્ષા કરવામાં આવી હતી. બેઠકમાં મેયરશ્રી મોનિકા વ્યાસ, જિલ્લા પુરવઠા અધિકારીશ્રી એસ.ડી.બારડ, ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખશ્રી રમણીકભાઈ અકબરી સહિત સંબંધિત અધિકારીઓ તથા સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# મેઘપર આંબરડી ગામે પોલીસ ત્રાટકીઃ લાખોનો દારૂ ઝડપાયો

## બે વાહનમાંથી દારૂનો જથ્થો ઝડપાયો પરંતુ એક પણ આરોપી હાથ ન લાગ્યાની શેઠવડાળા પોલીસની જાહેરાત

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના મેઘપર આંબરડી ગામેથી શેઠવડાળા પોલીસે લાખો રૂપિયાની કિંમતનો દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે નદીના કાંઠે ખુલ્લા પટમાં દરોડો પાડી ૨૯૧૭ ઇંગ્લીશ દારૂની બોટલ અને ૪૯૮૬ દારૂના ચપટા તેમજ દારૂની હેરાફેરી અર્થે વપરાયેલ ટ્રક, બોલેરો પીકઅપ અને બેન્ટલનાઇટ પાવડર સહિત કુલ ૪૨.૩૭ લાખનો મદ મુદ્દામાલ કબ્જે કર્યો હતો. દરોડા દરમિયાન બુટલેગર તથા ટ્રક તેમજ બોલેરો પીકઅપના માલિક સહિત એકપણ આરોપી પોલીસના હાથે લાગ્યો ન હતો.

આ દરોડાની વિગત અનુસાર શેઠવડાળા પોલીસ સ્ટાફને બાતમી મળી હતી કે, મેઘપર આંબડી ગામે રહેતા ભાયાભાઇ લખમણભાઇ છેલાણા તેમજ ભીમાભાઇ ભાયાભાઇ છેલાણા નામના બે શખ્સોને ગામની બહાર આવેલ નદીના કાંઠે દારૂની હેરાફેરી અર્થે ઇંગ્લીશ દારૂનો જથ્થો ઉતારેલ છે. આ ચોક્કસ બાતમીના આધારે શેઠવડાળા પોલીસ મથકના સ્ટાફે

અનુ પાના નં.૨ પર





તસવીરઃ હિરેન ગાંધી

# મીઠાપુર નજીક વિજશોક લાગતા બે ગાયના કરૂણ મોત

**સમય સંદેશઃ મીઠાપુર**

મીઠાપુર નજીક આવેલા આરંભડા ગામની સીમમાં રહેતા ભારૂભા હધાભા જામ તથા તેમના પાડોશી અરજણભા રાધાભા માણેકએ શનિવારે તેઓની ગાયોને ચારવા માટે છૂટી મૂકી હતી. ત્યારે સીમ વિસ્તારમાં ચરી રહેલી આ બંને ગાય રસ્તા પર પીજીવીસીએલના જીવંત વાયરને અડકી જતા આ બંને ગાયને જોરદાર વિજ કરંટ લાગ્યો હતો. જેના કારણે આ બંને ગાયના મોત નીપજ્યા હતા. આ બંને ગાયની કુલ કિંમત રૂ. ૨૭,૦૦૦ ગણવામાં આવી છે. આ બનાવ અંગેની જાણ ગાયના માલિક ભારૂભા જામએ મીઠાપુર પોલીસને કરી છે.

# જામનગરની ડેન્ટલ કોલેજના ઉચાપતકાંડમાં સંડોવાયેલ આરોપીની સુરતથી ધરપકડ

**સમય સંદેશઃ જામનગર**

જામનગરની ચકચારી ડેન્ટલ કોલેજની રોગી કલ્યાણ સમિતિના ખાતામાંથી રૂ. ૧.૩૯ કરોડના ૧૫ ચેકનો ગેરઉપયોગ કરી કૌભાંડ આચરવાના કેસમાં સેશન્સ કોર્ટના કડક વલણ વચ્ચે પોલીસને વધુ એક સફળતા મળી છે. સીટી 'બી' ડિવિઝન પોલીસે સુરતથી હરેશ રવજીભાઈ વસાવડા નામના એક આરોપીની ધરપકડ કરી તેને જામનગર લાવી કોર્ટમાં રજૂ કર્યો હતો. કોર્ટે ૨ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા બાદ આરોપીને જેલ હવાલે કરવામાં આવ્યો છે.

આ કેસમાં નેશનલ હેલ્થ મિશન (એનએચએમ)ના કરાર આધારિત કર્મચારી શોભિત ગર્ગ સામે રોગી કલ્યાણ સમિતિના ડીનની સહિવાળા ૧૫ ચેકનો ગેરઉપયોગ કરી કુલ રૂ. ૧.૩૯ કરોડ પોતાના ખાતામાં ટ્રાન્સફર કર્યાનો ગુનો નોંધાયો હતો. શોભિત ગર્ગની અગાઉ ધરપકડ થઈ ચૂકી છે અને તે જેલમાં છે.

દરમિયાન, આરોપીની જામીન અરજીની સુનાવણી દરમિયાન બચાવ પક્ષે ઉઠાવેલા ટેકનિકલ મુદ્દાને ધ્યાનમાં લઈને સેશન્સ કોર્ટે તપાસ અંગે ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા હતા. કોર્ટે પૂછ્યું હતુ કે ચેક પર જેમની સહીઓ છે તે ડીનને આરોપી કેમ બનાવવામાં આવ્યા નથી? ઉપરાંત દોઢ મહિનામાં કેસના ત્રણ તપાસ અધિકારીઓ બદલાયા હોવા અંગે પણ કોર્ટે નારાજગી વ્યક્ત કરી હતી. સેશન્સ કોર્ટે રાજ્યના ગૃહ વિભાગને આ મામલે લેખિત અહેવાલ કેમ મોકલવો નહીં તે અંગે ખુલાસો માંગ્યો છે તેમજ કેસની તપાસ કરનારા ત્રણેય પીએસઆઈને સોમવાર, તા. ૨૭ જુલાઈએ અદાલતમાં હાજર રહી ખુલાસો કરવા ફરમાન કર્યું છે. આ દરમિયાન પોલીસે સુરતથી ઝડપી પાડેલા

અનુ પાના નં.૨ પર

# તળાવમાં પાણી લાવતી કેનાલમાં બાયપાસ નજીક કેમિકલવાળું પાણી સતત ઠલવાય છે

**સમય સંદેશઃ જામનગર**

જામનગર રણમલ તળાવમાં પાણી લાવતી કેનાલમાં લાલપુર બાયપાસ નજીકની કેનાલમાં કેમિકલ્સ વાળું ગંદુ પાણી ફરે છે. પ્રિ મોન્સુન કામગીરી પાછળનો દર વર્ષ લાખોનું આંધણ તંત્ર શા માટે અટકાવતું નથી. આ કેનાલ બોક્સ કેનાલ કરવા લોકમાંગ ઉઠી છે. જેનાથી લાખોનો ખર્ચ પણ બચી જાય. જામનગર શહેરની આન, બાન, શાન સમા રણમલ તળાવમાં ચોમાસાનું પાણી જે કેનાલ મારફતે આવે છે તે કેનાલમાં મહાનગર પાલિકાનું તંત્ર જાણે પ્રિ મોન્સુન કામગીરી કરવાનું ભૂલી ગયું હોય તેવી લોકમુખે ચર્ચાઈવ્રહ્યુ છે. કારણ કે દરેડ ખોડિયાર માતાજીના મંદિર પાસેથી દરેડ જી.આઈ.ડી.સી. ઔધોગિક વિસ્તાર પાસેથી કેનાલ લાલપુર બાયપાસ સુધીની કાચી કેનાલ એટલે કે માટીની છે.

જેમાં હાલમાં પ્રિ મોન્સુન કામગીરી થઈ નથી. કારણ કે તે કેનાલમાં ઔધોગિક વિસ્તારનું કેમિકલ વાળું ગંદુ પાણી જોવા મળે છે. મહાનગર પાલિકાના



તસવીરઃ હિરેન ગાંધી

મેયર,સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન,કમિશનર સહિતના પદાધિકારી આ કેનાલનું નિરીક્ષણ પણ કરી લીધું છે. તો ગંદા પાણીની કાચી કેનાલ ને બોક્સ કેનાલ કરવાનું કેમ કામ બાકી રાખી દીધું તે સવાલ લોકમુખે ઉઠ્યો છે. રણજીત સાગર રોડ ઉપર ગ્રીન સિટી પાસે આ કેનાલ ઉપર છત ભરાયેલ છે.

જ્યારે રણજીત સાગર સાધના કોલોની જકાત નાકા થી પવનચક્કી સુધીની કેનાલ ખુલ્લી છે. જેની દર વર્ષ સફાઈનો ખર્ચ લાખો રૂપિયાનો મહાનગરપાલિકાનું તંત્ર પ્રિ મોન્સુન કામગીરી પાંચાલકરી રહ્યું છે. ત્યારે જો બોક્સ કેનાલ કરી દેવામાં આવે તેઓ પ્રિ મોન્સુન હેઠળ સફાઈનો પાંચ ખર્ચ લાખો રૂપિયાનો ધુમાડો થતો અટકી જાય.

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com